ગરબા સંગ્રહ.

દોહરો.

ગરબા સંગ્રહ ગ્રંથ જે, વાંચો નર ને નાર;
સંપ વધે સ્વદેશમાં, મળે જ્ઞાન અપાર,

પરસીદ્ધ કરનાર.

ગેલાભાઇ લીલાધર.

સને ૧૮૮૮—સંવત ૧૯૪૪.

મુંબઈ.

ધી એંગ્લો જુઇશ ઍન્ડ વર્નાક્યુલર પ્રેસમાં છાપ્યું છે.

કીમત ૧ આનો.

નંબર	અનુક્રમણિકા.	પૃષ્ટ
૧	જૈન મંગળ જગશિવસુખ કંદા	૧
૨	મંગળ પૂંજ પ્રભુ અનંત જિણંદા	૨
૩	અનંત જિણંદ પય પરનનસે	૨
૪	અનંત ચરણ શરણ હમ પાયે	૨
૫	શિવ પદકો દાતાર બતાદે મોહે	૩
૬	જિન ગુણ કયું પ્રગટાય	૩
૭	વિનંતી ધરજો ધ્યાન જગ જિન	૩
૮	જિન ધ્યાને ધ્યેય પદ લહે	૪
૯	નિજ આત્મ રૂપે લહ લહે	૪
૧૦	કર્મ મેલ કયું જાય સચ ગુરૂ	૪
૧૧	અભ્ર બાદલકી ઘટામે ચેતન	૫
૧૨	ભ્રમ ભ્રાંતે સારી જિંદગી ગઇ	૬
૧૩	મને પ્યારો લાગે છેજી પ્રભુ દિદાર	૬
૧૪	ક્યાનીંકો ચિત્ત ઊદાસી	૭
૧૫	કરી રાણીકું તે દાસી	૭
૧૬	મેરે મનકા મનાના સુનીયે	૭
૧૭	કીને દેખ્યા પ્રભુ શિવ ગામીરે	૮
૧૮	જિણંદા તુંહી મુખ્ય મંગળ પ્રભુ	૮
૧૯	જિણંદા તુજ પ્રવચનસાગર	૯
૨૦	આનંદ ભયો મન ભારી	૯
૨૧	મોકું જૈન મંગળ મન ભાયો	૧૦
૨૨	માહાત્મા જૈન મંગળ	૧૦
૨૩	શ્રી આદી જિનેશ્વર દેવા	૧૧
૨૪	શ્રી અજિતનાથ માહારાજ	૧૨
૨૫	અરીહંત નમો નમો સિધ્ધ નમો	૧૩
૨૬	મંત્ર બડો નવકાર જ્ઞાની મોરા	૧૩
૨૭	કયા કહું અબ બેર બેર વીર હમારા	૧૪
૨૮	ભુલ્યો ભમત કહાવે અજાન	૧૪

નંબર અનુક્રમણિકા. પૃષ્ટ

નંબર	અનુક્રમણિકા.	પૃષ્ઠ
૫૭	પ્રભુજીકો સમરણ કરલે	૨૮
૫૮	હારે હુંતો આદેશર વંદુ પ્રેમશું	૨૮
૫૯	મેરા ગુના માફ કરો મહારાજ	૨૮
૬૦	કયા ભરોશા તનકા અવધુ	૨૯
૬૧	દુનીયા મતલબકી ગરજી	૨૯
૬૨	સોવે સોવે સારી રેન ગુમાઇ	૩૦
૬૩	કમલાનો ફુલ પ્યારોરે	૩૦
૬૪	હરીયાળો ડુંગર પ્યારોરે	૩૦
૬૫	પાનીમે મીન પ્યાશીરે	૩૧
૬૬	હારે એસ શહેર બીચ કૌન દીવાન	૩૧
૬૭	રાત ગઇ અબ પ્રાત ભયો	૩૧
૬૮	ભલાજી મેરો નેમ ચલ્યો ગીરનાર	૩૧
૬૯	હારે ચિત્તમે ધારો પ્યારે	૩૨
૭૦	સકળ કરમ દળ ક્ષય કરકે	૩૨
૭૧	કાયા ચલત પ્રાનસે રોઇ	૩૨
૭૨	અમર વધુ ગુન ગાયો પાસ જિન	૩૩
૭૩	અસુભ કરમ સબ દુર કરકે	૩૩
૭૪	ચેતન કાચીરે મીઠીક દેરા	૩૪
૭૫	જય જગત વંધ્ય જશ વદન	૩૪
૭૬	તારોરે અનંત સ્વામી ભવ દધિ	૩૫
૭૭	શ્રી આદીશ્વર જિનરાજ આજ	૩૫
૭૮	કરૂણા નજરથી પ્રભુજી કૃપાળુ	૩૫
૭૯	નાનડીયો ગોદ ખેલાવે છે	૩૬
૮૦	શાંતી કરણ શંતાપ નીવારણ	૩૬
૮૧	એહાલ અપના કહુંમે કાસે	૩૭
૮૨	જો તુમ ચેતન ખબરદાર હોગા	૩૭
૮૩	તું નકીકા કોઇ ન તેરા	૩૭
૮૪	મુલક બિચ મક્ષી પારશકા	૩

———:000:———

૩૫૨૮

ગરબા સંગ્રહ.

સ્ત્રીઓને કેલવણી લેવાને બોધ.

:o:o:o:

બેહેનો તમે ભાવ સહીત ભણજો,
ગાંડા લોકો નીંદે તે નવ ગણજો—બેહેનો૦ ॥૧॥
ભણે તે તો ભગવંતને ભાવે,
એથી દીલ જ્ઞાન અધીક આવે;
તજી અવગુણ સદગુણ લાવે—બેહેનો૦ ॥ ૨ ॥
ભણે તે તો અપજસથી ભાગે,
જેને ધણી લાજનો ખપ જાગે;
મોટી સતીયોનું પદ માગે—બેહેનો૦ ॥ ૩ ॥
દુરાચાર હોય ન ભણે તેમાં,
જગ્યા જુઓ કેદી રહે જેમાં,
અધીક તો હશે અભણ્યા એમાં—બેહેનો૦ ॥ ૪ ॥
ભણેલી હતી રૂકમણી રાણી,
મીરાંબાઈ મુલકમાં વખાણાણી;
જેની કવીતા જગતે જાણી—બેહેનો૦ ॥ ૫ ॥
પ્રીયાને પાપ ભણે લાગે,
એવું કોઇ લખી ન ગયા આગે;
મ્હોડે બોલનારા જુતી માંગે—બેહેનો૦ ॥ ૬ ॥

ભણ્યા વિના કયાંથી અક્કલ આણે,
નીતીની રીતી તે કેમ જાણે,
ભણ્યા વીના, જણ પશુ પ્રમાણે—એહેનો૦ ॥ ૭ ॥
ભણી ગણી નાગરની નારી,
શી રીતે નહી કહીયે સારી;
ચતુર લેજો ચીતમાં વીચારી—એહેનો૦ ॥ ૮ ॥
ભણો તમે આલસ ભ્રમ છોડી,
થશે તેથી લાજ નહી થોડી;
કહે ઘેલાભાઈ કર જોડી—એહેનો૦ ॥ ૯ ॥

પાણી ભરતી પણયારીનો.

———:o:o:o:———

રોકયો પનઘટ રસીયા રાજ, પાનીડાં કેમ ભરીયે, પીડે લોકડીયાંની ઘણી લાજ, પાનીડાં કેમ ભરીયે—ટેક. આજ ચીતની ચેતવણીછે, બીજું મુને ભાસે મારા રાજ—પા૦ ॥ ૧ ॥ મારાં અંગ ઉપર નીચે નેણ, પાનીડાં કેમ ભરીયે, કરે ચંચલ ચોરવાનું ચીત, મુને ભાસે મારા રાજ—પા૦॥૨॥ કવેળામાં નાનકડી નાસ્ય, પાનીડાં કેમ ભરીયે, આવે ઓચીંતા દુરીજન કોય, ઘણું ખોટાં મારા રાજ પા૦ ॥ ૩ ॥ ઘેલાં કહાડયાની તમને છે ટેવ, પાનીડ કેમ ભરીયે, હજી છોકરવાદી નથી છુટી, થયાં મોટા મારા રાજ પા૦ ॥૪॥ ધાર્યું થાસે ધીરજ રાખો આપ, પાનીડાં કેમ ભરીયે; સમો સાંપડે સહુ સુખ હોશે, ધીરજ રાખો મારા રાજ પાની૦ ॥ ૫ ॥ તો પણ લાજ

તજીને આજ કહીયેજી, પાનીડાં કેમ ભરીયે, હમો સર્વે છઇયે તમારી દાસી, રખે તરસો મારા રાજ—પા૦ ॥ ૬ ॥ મા બાપે અવર કર આપીજી, પાનીડાં કેમ ભરીયે. હમો મન-થકી નીશચે તમને પરણી, એમ જાણો મારા રાજ પા૦ ॥ ૭ ॥ આજ કાલજડાનું કહી નાખ્યુંજી, પાનીડાં કેમ ભરીયે, હવા રાજને રૂચે એમ રંગરસ, માણો મારા રાજ—પા૦ ॥ ૮ ॥ રીઝયો દાસ દયાનો સ્વામી સુણતાંજી, પાનીડાં કેમ ભરીયે હઈયે હેતનો સાગર ઉછટયો ઊરચાંપી મારા રાજ—પા૦ ॥ ૯ ॥

વાંસલડી વગાડવાની વીનંતી.

વાંસલડી વાજે, સાંજે આજ વાંસલડી વાજે; વાત માહારી ભુલીમાં જાજે; સાંજે આજ વાંસલડી—ટેક. જે જયમ કરવું હોયેજે રીતે, તે તો ગીત વીશે ગાજે—સાં૦ ॥ ૧ ॥ કોઈના કહેશો કદી કોઇ પુછે તો. સમ જુગતે ખાજે—સાં૦ ॥ ૨ ॥ નંદ જશોદાજી તો છે ભોળા, તેહેને વીવેક ન્હાજે—સાં૦ ॥ ૩ ॥ આપ તો સદા સુખી છો પણ, આજ સુખ માહારૂં ચાહજે—સાં૦ ॥ ૪ ॥ મારા દોષ ના વીચારશો વાલમ, દીન બંધુ થાજે—સાં૦ ॥ ૫ ॥ દયાના પ્રીતમ જાણી દાસી પોતાની, પરેમ પુરણ પાજે—સાં૦ ॥ ૬ ॥

સામલચાને વીનંતી.

સામલીયાને વીનંતી કરીને, ઓધવ કહેજો અરજી! રે—સામ૦ ॥ ૧ ॥ પ્રીત કરીને પરેહર્યા છો, સ્વારથના છો ગરજી રે—સામ૦ ॥ ॥ દુધયા દહીના દામ તો દેવો, ખાઇ બેઠા છો કરજી રે—સામ૦ ॥ ૩ ॥ લીધાં વચન તે નવ પાલો શીદ, મતી ફરી છે હરજી રે—સામ૦ ॥ ૪ ॥ ફાટી કામલી ફેંકી શાને, નહીં મલ્યો દરજી રે—સામ૦ ॥ ૫ ॥ સશી સુરતની કન્યા મોહો, વાહા કુબડી ના વરજી રે—સામ૦ ॥ ૬ ॥ શુધડ પ્રીતમને એટલું કેહેજો, જેમ તમારી મરજી રે—સામ૦ ॥ ૭ ॥

:ooo:

બગચાંમાં બીરાજેલા બાલમને વીનંતી.

:ooo:

બગીયાં બગીયાં બગીયાં રે, મારો બાલમ બીરાજે સારી બગીયાં—બગી૦ ॥ ૧ ॥ મોર મુઘટ પીતાંબર ધારી, કુંડળપર ચીત લગીયાં રે—મારો૦ ॥ ૨ ॥ વંદ્રા રે વનની કુંજ ગલનમે, સોલસે ગોપીને શામે ઠગીયાં રે—મારો૦ ॥ ૩ ॥ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, ચરણ કમલ ચીત લગીયાં રે—મારો૦ ॥ ૪ ॥

:oooo:

કેફ કરવામાં અવગુણ.

તજો તમે કેફ કરમ કરવું,
જેથી થાય મોત વીના મરવું—તજો તમે કેફ૦ ટેક.
નથી એમાં સ્વાદ કશો સારો,
વિવેકની નજરથી વીચારો;
દુઃખી થશે કેફનો કરનારો—તજો તમે કેફ૦ ૧॥
પીશે જે જન મદીરા તાડી,
તેના ફળ દેશું દેખાડી;
ઊંચે પદથી દેશે પાડી—તજો તમે કેફ૦ ૨॥
અફીણથી કંઈક ગયા ઊડી,
ગમાવી ગાંઠ થકી મુડી;
મુઆ દુઃખ દરીઆમાં બુડી—તજો તમે કેફ૦ ૩॥
મુરખને મુરખ મલે સંગી,
લીલાગર ભાંગ પીએ ભંગી;
અકલહીણાં એ તો અડબંગી-તજો તમે કેફ૦૪॥
મફર કે માજમ જે ખાશે,
જરૂર અકલ તેની જાશે;
સારા સારા લોકમાં નીંદાશે—તજો તમે કેફ૦ ૫ ॥
પીએ કોઇ ગાંજો ગુણ જાણી,
ધુમાડો ખેંચે બળ આણી;
એની તો અકલ વેચાણી—તજ૦

તે સરવે રોગ કરે તનમાં,
અમે સાંભળયું વઇદો જનમાં,
મોટા તમે માની લેજો મનમાં—તજો તમે કે૦ ૭।
ન ખાશો પાક કદી પ્રીતે,
જેથી ચતુરાઈ ઘટે ચિંતે;
રેહેજો રૂડાં માણસની રીતે—તજો તમે કેફ૦ ૮ ॥
પ્રભુ થકી જો દીલમાં ડરીએ,
કદી એવું કરમ નહીં કરીએ;
શીખામણ સારી રૂદે ધરીએ—તજો તમે કેફ૦ ૯॥
બનાવી ગરબી બહુ સારી,
સુણી જે દેશે વીસારી,
તેના મુખ ઉપર પેંજારી—તજો તમે કેફ૦ ૧૦ ॥
વારે વારે શું કહીયે વારૂં,
સ્નેહે કરી કહું છું તમ સારૂં;
માનો ગેલાભાઈ કહે-મારૂં-તજો તમે કેફ૦૧૧ ॥

રામચંદર વનવામાં સિધાવ્યા તે ઉપર તિથીઓને ગરબો.

———:ooo:———

રઘુપતી રામ રૂદેમાં રહેજો રે.—ટેક.
...ખી પડવે તે પંથે ચાલયા રે,
...નાં તે મારગ ઝાલયા રે,
...તાને લક્ષમણ બાલા—રઘુપતી૦ ૧ ॥

સખિ બીજે મઢીમાં બિરાજે રે,
જેવાં નદીયો તણાં નીર ગાજે રે;
રામ મેલી ગયા રૂડું રાજે—રઘુપતી૦ ૨
સખિ ત્રીજે તે વનની ઝાડી રે,
દશ ફૂલ તો મંગાવે છે દહાડી રે;
સારી શોભે સીતાજીની વાડી—રઘુપતી૦ ૩ ॥
સખિ ચોથે કેવડીયો બેં કે રે,
ફાલયો ફુલયો ને મોગરો મેંકે રે;
એવી લીલી લટાઓ લેકે—રઘુપતી૦ ૪ ॥
સખિ પાંચમે પોપટ પાલયો રે,
પાંખ લીલી ને કાંઠલો કાલો રે;
રામ નામ ભણંતો ભાલયો—રઘુપતી૦ ૫ ॥
સખિ છઠે છેતરવાને આવયો રે,
કુડો કપટી રાવણ સાથે લાવયો રે,
બે મુખનો મરગ બનાવયો—રઘુપતી૦ ૬॥
સખિ સાતમે શ્રી હરી સમર્યા રે,
વાડી ભેલી ઉડાડયા ભમરા રે;
રૂખ સહીને ઉપાડયા ડમરા—રઘુપતી૦ ૭ ॥
સખિ આઠમે એને નિહારયો રે,
ધનુષ્ય ધારીને મરગલો મારયો
મરગ મરતી વખતે પોકારયો—:

સખિ નોમે તે નાંખ્યો તીર રે,
જઇ વાગ્યો મરગને શીર રે;
ધાજો ધાજો લક્ષમણ વીર—રઘુપતી૦ ૯ ॥
સખિ દશમે કહે લક્ષમણને રે,
બેલી વીરો બોલા છે તમને રે;
આડી આણ દીધી છે અમને—રઘુપતી૦ ૧૦॥
સખિ એકાદશી અપવાસી રે,
લંપટ લેવાનો લાગ તપાસી રે;
રાવણ સીતાને લઇ ગયો નાસી—રઘુપતી૦ ૧૧॥
સખિ બારશે હનુમાન બલીયો રે;
ઠેકી સમુદ્ર પાર નીકલયોરે;
જઇ જોગ માયાને મલીયો—રઘુપતી૦ ૧૨ ॥
સખિ તેરશે ત્રંબાલુ ભાગે રે;
હાંક હનુમાન કરી વાગે રે;
લાય લંકાગઢમાં લાગે—રઘુપતી૦ ૧૩ ॥
સખિ ચૌદશે ચીત વીચારી રે,
ફોજ વાંદરની રચી સારી રે;
રામે રાવણને નાખયો મારી—રઘુપતી૦ ૧૪॥
સખી પુનમે પ્રભુજી આવયા રે,
થાલ ભરી મોતીડે વધાવયા રે;
માતા કૌશલાને મન ભાવયા—રઘુપતી૦ ૧૫॥
સખિ પંદરે તથીયો થઇ પુરી રે,
એક નથી અધુરી રે;
માઇની વાણી મધુરી—રઘુપતી૦ ૧૬ ॥

ગરબી.

સૈયર શીદને વેરાવો મારે સાસરે જો, હું તો રહી
ક અલબેલી તારે આશરે જો ॥ ટેક ॥ મુને ચુડલો
હેરાવો અમદાવાદનો જો, મુને સાડી પેહેરાવો ના-
પુરની જો ॥ સૈયર ॥ ૧ ॥ મુને બરફી ખીલાવો
રત શેહેરની જો, મુને પેડાં ખવરાવો મથુરાં શેહેરના
ે ॥ સૈંયર ॥ ૨ ॥

ગરબી.

—:oo:—

લાવ લાવ સખી એક કાગળ લખીએ હરીનેરે એવા
ણ થયાછે કાન, ના આવ્યા ફરીને રે—ટેક. ॥ ૧ ॥
ાહાલે અમ્રત પાઈને ઉછેરયાં, વહાલે માર અમનેરે;
વે વીખડાં ઘોળી શું પાઓ ઘટે નહી તમનેરે; ॥ ૨ ॥
ાહાલે ફુલ પછેડા ઓઢાડયા, વાહાલે મારે, અમનેરે,
વે ખેંચી ખેંચી શીદ લોછો ઘટે નહીં તમનેરે; લાવ૦
। ૩ ॥ વાહાલે ઊંડા કુવામાં ઉતારયાં વાહાલે મારે
મમનેરે, હવે તાડી તાડી શીદ લોછો ઘટે નહીં ત-
ેરે. લાવ૦ ॥ ૪ ॥ વહાલે દુધડાં પાઇને ખેલવ્યાં
ાલે મારે અમનેરે, હવે પાણી વિના તલસાવો
નહીં તમનેરે; લાવ૦ ॥ ૫ ॥ વહાલે રાસ રમાડી
ઝાવ્યાં, વહાલે મારે અમનેરે, હવે આંસુડાં શું
નડાવો ઘટે નહી તમનેરે; લાવ૦ ॥ ૬ ॥

ગરબી.

—:oo:—

મેહેલો મારગ જાવા દો હરી ક્રશ્ન મોરારી. ટેક.—
લોક દુરજન દેખેરે, રીતી એ નથી સારી; વેળા
વીતી જાશેરે. ગોરસ મારૂં નહીરે ખપે મેલો૦ ॥ ૧ ॥
મારી સાસુ ઠગારીરે, નણદી મારી નઠારી; માહારો
સસરો સું વાલોરે, તેનું કાંઈ નવ ચાલે, મેલો૦ ॥૨॥
માહારો પરણ્યો અટારોરે, જો જાણે વાતકશી; લડ-
વાને બેસેરે કે દેખે લોક હશી મેલો૦ ॥ ૩ ॥ તુમે
સમજો છોગાળારે, હવે ઘણી વાર થઈ; મન મળવા
ચાહાસેરે તો મલશુ વાર કરી મેલો૦ ॥ ૪ ॥ તુમથી
નથી અંતરરે પ્રાણ તુમ સાથ ફરે જ્યારે દેખુ તમ-
નેરે, ત્યારે માહારૂ મન ઠરે મેલો૦ ॥ ૫ ॥

ગરબી.

—:oo:—

મેહેલો મારગે અમે જઈએરે, હરી ડાંડા વના થઈ
ને કાંના મેલો મારગે અમે જઈએરે ટેક. ॥ ૧ ॥
માનો માનો કહયાં વરજવાશીરે, મને જાવા દો જા
ઉદાશીરે; અમે ગોકુળનાં રેહેવાસી. કાહના૦ ॥ ૨
પ્રભુ સોળસો ગોપી મારીરે, એક એકથી સરસ શ્રી
નારીરે; સીદને લોછે તે લાજ હમારી કહાના૦ ॥ ૩
રાજા કંસ નથી કાંઈ થારે રાજ એવા ફાટી ગયા લ..
શીદને કાજ; ભુંડા મનમાં ધરો કાંઇ ધ્યાંન કાહના૦

આવો બસી તુમે ગાવોને, માહારા
ાને જાવોનો; એ કાનુડાને કાંઇ સમજાવો

ગરબી.

ના અળગો રહેને પલો લાગશે જો; માહારી
; માહારી મહીની મટુકી ઉતાર તો, અળગો
ા લાગસે જો. ટેક. ॥ ૧ ॥ કહાંના હું તે છું
ી બ્રાહ્મણી જો; તું છે ગાયોને ગોવાળ જો,
ળગો. ॥ ૨ ॥ કહાના મહારે ઓઢણ ચંપા ચુંદ-
ડીજો, કાળી કામળીનો ઓઢણ હાર જો; અળગો૦
॥ ૩ ॥ કહાના મારે જમણ શીરા લાવશી જો, ખાટી
છાશનો તું પીવણ હાર જો; અળગો૦ ॥ ૪ ॥ કહાના
મહારે પોઢણ લાલ ઢોલીયા જો. તુટી ખાટલીનો
પોઢણ હાર જો. અળગો૦ ॥ ૫ ॥ કહાનાં મ
વાને હવેલીઓ જો તું વગડાનો વસનાર જો;
॥ ૬ ॥ કહાના માહારે મુખવાસ લવીંગ એલચ
તું પાંદડાંનો ચાવણ હાર જો; અળગો૦ ॥ ૭ ॥

ગરબો.

મૈયાના દાન અમે ના
કુવાને નવ વાવડીરે હે
રાડરે ॥ મૈર

લોલ; કાહુનાં મુને ગડુલો ચડાવ રે ..
ગડુલો ચડાવે તારી સૈયરૂં રે લોલ, તું તો
રડાની નારરે ॥ મૈયા ॥ ૩ ॥ ફટરે ભું
યારે લોલ; તું તો મારી ગાયોનો ..
॥ ૪ ॥ ચેલ મરડીને ગડો મેં ચડાવ્યોર જ
મારા કમખાની કાંશરે ॥ મૈયા ॥ ૫ ॥ ભા
જીડા વિરા વિનવુંરે લોલ; સાંધ મારા
કાંશરે ॥ મૈયા ॥ ૬ ॥ ટાંકે ટાંકે તે ટાંક
લોલ, હૈડે લખ રૂડા મોરરે ॥ મૈયા ॥ ૭ ॥

સરસ્વતી વિશે ગરબો.

———:o:o:o:o:———

સખી સરસ્વતીને સંભારી, સુખ કાજે જો,
સમરણ કરતાં દુઃખ જાય, સઘલાં આજે જો—સખી૦
સખી જેને મુખ છે સરસ્વતી, સુખ રાજે જો,
..ો છો તે છે સુખી અતી, વળી આજે જો—સખી૦
. ભણેલ બાઈ ભીખે નહીં, સુખ કાજે જો,
. સુખી શીખે કંઇ, વળી તે આજે જો—સખી૦
સખી શીખેલી જે ભામની, સુખ કાજે જો,
પીયને થાશે કામની, વળી આજે જો—સખી૦